વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૧૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જુલાઈ - ૬, ૨૦૧૭

# દવાની નીતિરીતી કે બજાર ?

કોઈપણ દેશના વિકાસને માપવા માટે માનવ સૂચકાંક એક અગત્યનો માપદંડ ગણવામાં આવે છે. દેશની સમૃધ્ધિ માપવા માટે આર્થિક સમૃધ્ધિની સાથે સાથે નાગરિકોનાં સ્વાસ્થ્ય તેમજ માતા-બાળકના મૃત્યુદર જેવા માપદંડને ધ્યાનમાં લેવામાં આવે છે. આમ, તો આપણું સંગઠન આ વાતને શરૂઆતથી તેની અગત્યતાને સમજે છે માટે જ તો આપણું ધ્યેય પૂર્ણરોજગાર અને સ્વાવલંબન છે. પૂર્ણરોજગાર એટલે સ્થાયિ આવકની સાથે સાથે સામાજિક સલામતી. (જેમાં આરોગ્ય, બાલસેવા, વીમો સેવા, હાઉસીગ, પેન્શનનો સમાવેશ થાય છે.) આ વાતને સમજીને સ્વીકારવામાં પાંચ દાયકા પસાર થઇ ગયા. આ બધાની વચ્ચે અગત્યનું એ છે કે, છેલ્લા દશકાથી રોજગારી અને સામાજિક સલામતી બન્ને એક જ સિક્કાની બે બાજુ છે અને તે અનિવાર્ય તેને સ્વીકારી આપણી સરકાર દ્વારા સામાજિક સલામતી સાર્વત્રિક આરોગ્ય – બાળ સંભાળ તથા ખાદ્ય સલામતી જેવા અનેક ઠરાવો તથા કાયદા ઘડવામાં આવ્યા જેની નોંધ લેવી રહી.

આરોગ્ય સંબંધી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, કસ્તુરબા, મા અમૃતમ તથા સરકારી હોસ્પિટલોમાં આવનાર દર્દીઓને દવાઓ વિનામૂલ્યે મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવાના સરકારશ્રીના પ્રયાસો સરાહનીય છે. આપણા અનુભવો – રજૂઆતોને સાક્ષાત થતી જોવાનો અનેરો આનંદ અનુભવાય !

હાલ, જ્યાં પણ જઈએ ત્યાં જીનેરીક દવાઓની ચર્ચા સાંભળવા મળે ! મને થયું કે લાવ આ અંગે આપણાં સભ્યોનું મંતવ્ય – સમજ શું છે તે જાણીએ. સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમમાં આવેલ ભાઇઓ બહેનો સાથે વાત કરતા મેં પૂછયું, હાલ જે જીનેરીક દવાઓની વાત ચાલે છે તે અંગે તમારી શું સમજ છે ?

કમળાબેન ઊભા થઇ તરત જ બોલ્યા બેન તમને ખબર નથી ? જીનેરીક એટલે સસ્તી દવાઓ ! અરજણભાઇ કહે; બહેન, જીનેરીક દવાઓ છાપેલી કિંમત કરતા ઓછા ભાવે મળે. ત્યાં જ શારદાબેન કહેવા લાગ્યા બહેન હું જીનેરીક દવા લઇ અમારા ડોકટર પાસે ગઇ તો તેમને મને કહયું કે આ દવાઓ તો હલકી ગુણવત્તાની આવે છે. તો તેની અસર ના થાય તો મને ના કહેતા, હું તો આ સાંભળી તરત જ પાછી આપી આવી. મને મારા એમનો જીવ પૈસાથી વધારે વહાલો છે ! કચ્છ – રાધનપુર જેવા છેવાડાના જિલ્લામાંથી આવતા બહેનો કહે, અમારે ત્યાંતો અમે આવું કાંઇ દીઠું નથી. અમારે તો હજુ આ દવાઓ સરકારી દવાખાનામાંથી મળે તો ઠીક નહીતર ઠેઠ જિલ્લા મથકે લેવા જવું પડે. અમદાવાદના કૈલાસબહેન કહે, બેન તમને ખબર છે આપણે ત્યાં સરકાર દ્વારા જન ઔષધિ, જીનેરીક દવાઓના સ્ટોર ખૂલ્યા છે ! જેમાં દવાઓ પર બહુ ઓછી કિંમત છાપેલી છે અને તે સારી અસર પણ કરે છે. બેન, જયારે હું આપણી એલ.જી.હોસ્પિટલમાં ગઇ તો ત્યાં હોસ્પિટલ દ્વારા વિના મૂલ્યે મળતી દવાઓની દુકાન હતી. ત્યાં દવા ના મળે તો જન ઔષધિ સ્ટોરમાં જવાનું અને જો ત્યાં ના મળે તો પંડિત દિનદયાલ સ્ટોરમાંથી દવાઓ ખરીદવાની ! વળી ત્યાં તો દવાખાનાની આસપાસની દુકાનોમાં પણ જીનેરીક દવાઓ મળે જેના પર છાપેલી કિંમતમાંથી મળે. અંદર અંદર ગણગણાટ ચાલુ થઇ ગયો. હારુ આટલી બધી યોજનાઓ અલગ અલગ પધ્ધતિઓ અમારા જેવા માણહ કયાંથી હમજી શકે ? બેન, તમે અમને પૂરી

માહિતી આપો તો અમે સભ્યો સુધી સાચી માહિતી લઈ જઈ શકીએ !

વાંચક મિત્રો આ બધું વાંચીને તમે પણ મૂંઝવણમાં પડી ગયા હોય તો કાંઇ નવાઈ નથી. આ પરિસ્થિતિ દરેક વર્ગના માણસની છે તો ચાલો હું તમને માંડીને વાત કરું.

જીનેરીક એટલે મૂળ તત્વના નામથી મળતી દવાઓ. દા.ત. મેટાસીન તાવ માટે આવતી દવામાં પેરાસીટામોલ નામનું મૂળ તત્વ હોય. પેરાસીટામોલના નામથી વેચાય તે જીનેરીન અને મેટાસીનના નામથી વેચાય તે બ્રાન્ડેડ દવા કહેવાય. આ બે સિવાય બ્રાન્ડેડ જીનેરીક દવાઓ પણ માર્કેટમાં મળે ? જે ખરેખર તો બ્રાન્ડેડ દવા જ કહેવાય. પણ તેમાં નફો વધારે મળતો હોવાથી તે દવાની દુકાનોમાંથી વધારે ડિસ્કાઉન્ટથી મળે છે. બ્રાન્ડેડ દવાઓ માટે કંપનીને જાહેરાત ખર્ચ તથા મેડિકલ રીપ્રેઝન્ટેટીવ દ્વારા પ્રચાર-વેચાણ કરે, જ્યારે જીનેરીક બ્રાન્ડેડ દવાનું વેચાણ સીધા ડોકટર કે રીટેલર દ્વારા કરે છે આમ, કંપની માર્કેટીંગમાં રોકાણ કે ખર્ચ ના કરતાં તે નફાના સ્વરૂપે સીધા રીટેલર કે ડોકટરોને પ્રોત્સાહન તરીકે આપે છે.

કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતા જન ઔષધિ સ્ટોરમાં મળતી જીનેરીક દવાઓમાં બનાવનાર તથા વેચનારના નફાનું ધોરણ નક્કી કર્યા બાદ તેની મહત્તમ વેચાણ કિંમત (એમ.આર.પી.) નક્કી કરેલ હોવાથી તે ઓછી હોય છે. જ્યારે તે સિવાયના સ્ટોરમાં મળતી બ્રાન્ડેડ જીનેરીક દવાઓમાં એમ.આર.પી. કંપની દ્વારા નક્કી કરવામાં આવે છે. જે કદાચ બ્રાન્ડેડ દવા કરતાં વધારે હોઈ શકે ! આ દવાઓમાં કેટલું વળતર દર્દીને આપવું તે રીટેલર નક્કી કરે તે મુજબ મળે અને કંપનીએ ડોકટર સાથે રહી ગોઠવણ કરી હોય તો કદાચ વળતર ના પણ મળે !

બીજું જીનેરીક દવામાં ફકત એક જ કન્ટેન્ટ (સામગ્રી) હોય. એકથી વધારે કન્ટેન્ટવાળી દવાઓનું ઉત્પાદન ના થાય . જ્યારે હાલ તો લગભગ એકથી વધારે કન્ટેન્ટવાળી જ દવાઓ લખાય છે, જેના માટે બ્રાન્ડેડ જીનરીક દવાઓ જ લેવી પડે.

જન ઔષધિ સ્ટોર એ કેન્દ્ર સરકારની યોજના છે જેમાં ખૂટતી કડી એટલે એકથી વધુ કન્ટેન્ટવાળી દવાઓ જે ત્રુટી દૂર કરવા માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પંડિત દિનદયાલ સ્ટોર ચાલુ કરવામાં આવ્યા છે. જેમાં જીનેરીક, બ્રાન્ડેડ જીનેરીક તથા બ્રાન્ડેડ દવાઓ મળે છે. આ સ્ટોરમાં પણ વેચાણ માટે નફાનું ધોરણ નક્કી કરવામાં આવ્યું હોવાથી ખરીદનારને ભાવમાં ફાયદો થાય છે.

બહારની દુકાનોમાંથી ખરીદનારને છૂટક વેચણ કરનાર નક્કી કરે તે દવાઓ મળશે.

બજારમાં મળતી કોઇ પણ દવાઓની ગુણવત્તા જળવાય તે જોવાનું કામ ખાદ્ય અને દવાઓ નિયમન (એફ.ડી.સી.એ.) કચેરી દ્વારા કરવામાં આવે છે. ગુણવત્તાની વાત કરીએ તો તે જીનેરીક કે બ્રાન્ડેડ દવાઓમાં ઊભા થઇ શકે. જ્યારે પણ એફ.ડી.સી.એ.ના ધ્યાનમાં આ બાબત આવે ત્યારે છૂટક વેચાણ કરનાર જાણ કરે છે. દવાઓની ગુણવત્તા માટે તો સરકારી તંત્ર જ અસરકારક ભૂમિકા ભજવી શકે.

આ બધા મુદ્દાઓ માટે સરકાર દ્વારા વધુ સઘન નિયમન તથા કાયદાના અમલ કરવા જરૂરી છે.

આ તો વાત થઇ સરકારી દવાખાના, હોસ્પિટલો તથા બહારની દુકાનની પણ, આ સિવાયથી વધુ લોકો સારવાર માટે ખાનગી દવાખાના અને હોસ્પિટલોમાં અપાતી દવાઓના ભાવ નિયમન માટે શું ? આપણે ત્યાં ૮૦% થી વધુ લોકો સારવાર માટે ખાનગી દવાખાના તથા હોસ્પિટલોમાં જાય છે તે તબક્કે ખાનગી ક્ષેત્રના નિયમનની આવશ્યકતા એટલી જ છે જેથી, અસરકારક પરિણામ મેળવી શકાય.

જો કે સેવામાં જીનેરીક દવાઓના વેચાણની શરૂઆત વર્ષ ૧૯૮૯માં કરવામાં આવી હતી. આપણા અનુભવને જોઇને જ અમદાવાદ મ્યુ. કોર્પોરેશને આપણી લોકસ્વાસ્થ્ય મંડળીને અનુક્રમે વર્ષ ૧૯૯૨ – ૧૯૯૪માં એલ.જી.(મણીનગર) તથા શારદાબેન (સરસપુર) હોસ્પિટલમાં જીનેરીક રેશનલ થેરાપીના વ્યાપ વધારવાના હેતુથી હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ જગ્યા આપી મેડિકલ સ્ટોર ચલાવવા આમંત્રિત કરેલ. આમ, હાલ, જે જીનેરીક દવાઓની ચર્ચા થાય છે. તેની શરૂઆત આપણે ૯૦ના દાયકામાં કરી જે આજ દિન સુધી ચાલુ છે. હાલ, બહારના તથા સરકારશ્રીના દવાની દુકાન દ્વારા જે વળતરની વાત થાય છે તે આપણી દવાની દુકાનમાં શરૂઆતથી મળે છે.

**એક જ મૂળતત્ત્વ ધરાવતી દવાઓના બજારમાં ચાલતા ભાવની વિગતઃ**

| વિગત | સરકારનાં જન ઔષધની દુકાનનાં ભાવ | સીપ્લા જનરીક બ્રાન્ડ ઓલોક્સ | સીપ્લા બ્રાન્ડ ઓફલોક્સ | યુનિસન ઓસન |
|---|---|---|---|---|
| મહત્તમ વેચાણ કિ. | રૂ.૧૪.૮૦ | રૂ.૫૫.૨૩ | રૂ. ૫૫.૦૦ | રૂ.૪૩.૫૫ |
| પડતર કિ. | રૂ. ૧૧.૮૦ | રૂ.૧૫.૦૦ | રૂ.૪૨.૦૦ | રૂ.૩૩.૦૦ |

જીનેરીક દવાના વંટોળમાં રેશનલ થેરાપીની વાત તો સાવ ભૂલાઇ ગઇ. રેશનલ થેરાપી એટલે જરૂરી અને યોગ્ય હોય તેટલી જ માત્રામાં દવાઓનો વપરાશ. દા.ત. તાવ માટે પેરાસીટામોલ ૫૦૦ મી.ગ્રા.ની જરૂર હોય તો બ્રુફેન + પેરાસીટામોલ કે સાદી પેરાસીટામોલ ૭૫૦ મી.ગ્રા. પણ ના અપાય. બિનજરૂરી દવાઓના વપરાશને કારણે હાલ આપણે ત્યાં સામાન્ય તકલીફોમાં પણ હાયર એન્ટીબાયોટીકસનો વપરાશ બેફામ થયો છે. જરૂરી હોય કે ના હોય ચીઠ્ઠીમાં એકથી વધુ કોમ્બીનેશન, એન્ટીબાયોટીક્સ તથા એસિડિટીની દવા તો હોય જ. વધુ પડતા વપરાશના કારણે હાલ આપણી પાસે કોઇ નવા કન્ટેન્ટવાળી એન્ટીબાયોટીક નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ થાય તેવી પરિસ્થિતિ જ નથી !

આ બધાની વચ્ચે એલોપેથીક દવાઓના વંટોળ સાથે આપણી પરંપરાગત આર્યુવેદ ઔષધિઓનું મહત્વ અંગે લોકોમાં બહુ જાગૃતિ આવી ! ફક્ત આર્યુવેદ જ નહી પણ લોકોમાં યોગ્ય કસરત એકયુપ્રેશર - પંકચર, કલર થેરાપીની અસરકારકતા તથા મહત્વ ઉપયોગિતાની સમજ બધી રહે છે.

અને ફક્ત આર્યુવેદ જ નહી પણ લોકોમાં યોગ, કસરત એકયુપ્રેશર-પંકચર, શિરોધરા, કલર થેરાપીની અસરકારકતાની સમજ તથા મહત્વ ઉપયોગ વધી રહયો છે.

સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા કરવી જ રહી. આની સાથે સાથે સરકારશ્રી દ્વારા દવાઓ સારવારના મુદ્દાને વધુ સધ્ધર કરવા માટે સમગ્ર દૃષ્ટિકોણથી અસરકારક રીતે કાર્ય કરવું પડશે. ખાનગી ક્ષેત્ર માટેના જાતિ નિયમોના ઉત્પાદનની ગુણવત્તા તથા ભાવ નિવારણ માટે દવાની કંપનીઓ માટેના નિતી નિયમો, આર્યુવેદ તથા પરંપરાગત જ્ઞાન - સારવારના પ્રચાર પ્રસાર માટે વાતાવરણ ઉભું થાય તથા ડોકટરો — હોસ્પિટલો દ્વારા રેશનલ થેરાપી કે પ્રોટોકોમિ મુક્ત સારવાર થાય તે માટેના કાયદા થકી એના અમલીકરણ અગત્યના રહેશે.

સરકારશ્રી પોતાના કાર્યક્રમ દ્વારા તળપદા આરોગ્ય સેવિકા — આશાબહેનો — આંગણવાડીની બહેનો દ્વારા રોગોના અટકાવ, કુપોષણ, માનસિક સ્વાસ્થ્ય માટેના કાર્યક્રમોને વેગ આપી શકે જેથી સારવાર સુધી જવાની જરૂર જ ના રહે.

સ્થાનિક સ્તરે સ્થાનિક થોડું ભણેલાં યુવાનોને તૈયાર કરી તેમને પ્રાથમિક સારવાર તેઓ ગ્રામ્ય સ્તરે આપી શકે તે માટેની વ્યવસ્થા ઊભી કરવા પર ભાર મૂકે તો પણ જટીલ પ્રશ્નનો ઊકેલ લાવવામાં સરળતા રહે.

- **મિત્તલ**

❑

# જમાનો બદલાયો ?

આજના આ બદલાતા યુગમાં કઇ ના જાણે કેટલાય કામો પર આર્થિક પ્રવાહોની અસર થઇ છે. આજની પરિસ્થિતિ કાંઇ જુદી નથી. પહેલાં અમદાવાદમાં ઘણી મિલો ચાલતી હતી જેમાં સુતરાઉ કાપડ-સૂતર બનતું હતું જે હવે આ મિલો બંધ થવાથી આ સૂતર પણ બંધ થઇ ગયું છે. હવે તો સાવ નજીવી જ મિલો ચાલે છે એમાં પણ હવે સુતર નહી પણ કોટન, નાયલોન, પોલિએસ્ટર, શીફોન જેવા કાપડ બને છે. પણ, જે સૂતરાઉ કાપડ છે તેમાંથી હાથ રૂમાલ, નેપકીન, લુંગી જેવી ચીજો બનતી હોય છે. આ કોટન કાપડના રૂમાલ કટીંગ કર્યા બાદ જે ચીદી વધે છે તેનાં ખાટલા , ખુરશી ભરવાનું વાણ- દોરડાં બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે. જો કે દોરડાં તો સૂતરના બને, કોટન ચીદીમાંથી બને અને સમય બદલાતા હવે પ્લાસ્ટીકના પણ બને છે.

આપણે પર્યાવરણને બચાવવા માટે ઘણાં ઉપાયો કરીએ છીએ. પણ, આવી પ્લાસ્ટીકની ચીજ-વસ્તુઓ વધુ વપરાશમાં આવે તો કેટલું નુકશાન કરે છે તે તો આપણે જાણીએ જ છીએ ને ?

દોરડાં બનાવતા બહેનોને મળવા માટે હું ને સુભદ્રાબહેન આજે એસ.ટી સ્ટેન્ડ પાસે ગીતા મંદિર સામે મોચીની વાડીમાં ગયા. ત્યાં જતાં ઘર આગણાંમાં જ બે બહેનો મોટુ પોટલું લઇને બેઠા બેઠા પટ્ટીઓ હાથથી ખેંચતા જોવા મળ્યાં. ત્યાં સુભદ્રાબહેન બોલ્યાં લો, આ જીવતબહેન અને લક્ષ્મીબહેન જુઓ દોરડા બનાવવા માટે માલ છુટો પાડી રહયાં છે. અમને જોઇને જીવતબહેને ખાટલો ઢાળ્યો ને બેસાડયાં. તે લક્ષ્મીબહેને એમની દીકરી પાસે પાણી મંગાવ્યું ને આમને આપ્યું. જીવતબહેન કહે કે સુભદ્રાબહેન બહુ દિવસે આવ્યાં ને કાંઇ ? સુભદ્રાબહેન કહે હા બહેન ઘણો સમય થયો આયે. આજે તમે જે દોરડા બનાવવાનું કામ છો તેના વિશે અમારે જાણવું છે. એટલે આવ્યાં છીએ. ઓહો એવું છે જરૂર તમને કહીશું અમારા કામની વાત.

મેં પુછયું જીવતબહેન તમે આ કામ ક્યારથી કરો છો ? જીવતબહેન કહે કે અમારી તો ત્રણ પેઢીથી અમે આજ જ કામ કરીએ છીએ. મારા સસરાના બાંધેલા વેપારી વર્ષોથી આ કામ અમારા ઘરે કાચો માલ મોકલાવે ને અમે તૈયાર કરીને મોકલાવી દઇએ. એક કિલો વાણ વણીએ એટલે તો અમને ૩૦ રૂપિયા મળે. આમ તો વેપારી અઠવાડિયે એક વાર માલ આપી જાય ને લઇ જાય ને સાથે અઠવાડિયે પૈસા પણ આપી જાય. મારી ઉંમર ૫૪ વર્ષની છે ને આજે ૩૭ વર્ષ થયા છે આ કામ કર્યે ! મારા ઘરવાળા પણ આજ ધંધો કરતા એ ગુજર્યાને ૨૦ વર્ષ થયાં, મારા છોકરાંઓ મને આ કામમાં મદદ કરે છે. મારો એક દીકરો ઘીકાંટા પેન્ટની દુકાનમાં કામ કરે છે. દીકરો-દીકરી અને એની વહુ અમે

બધા આ કામ સાથે મળીને કરીએ છીએ. આમ તો દોરડા બનાવવાના કામમાં ૮ જણ જોઈએ ત્યારે આ કામ પુરું થાય. હું તો આ ગાંસડીમાંથી પટ્ટીઓ છુટી પાડવાનું કામ કરું છું, એ બે-ત્રણે ભાઇ-બહેન દોરડા બનાવવાનું કામ કરે છે.

સૌથી પહેલાં ગાંસડીમાં આવેલો માલ છુટ્ટો પાડવાનું કામ કરવું પડે. એ પણ ધીરે-ધીરે અલગ કરવું પડે જુદા- જુદા ૩ કલરની ચીંદીને હાથ વડે એક-એક ચીંદીને ગાઠ બાંધીને અલગ ગોઠવવામાં આવે છે. ત્યાર પછી છુટ્ટી પાડેલી ચીંદીના ઢગલાને એક ખોળ જેવા કપડામાં બાંધીને ચરખામાં દોરી બનાવવા આપવામાં આવે છે. આ ચરખો મશીનની મદદથી ચાલે છે. જ્યાં એક માણસ રોકાયેલો રહે છે જે ધ્યાન કરે છે કે દોરી બરાબર બને છે ને ? ચીંદી મશીનમાં ફસાતી નથી ને? અને બીજા ચાર જણ જે છે તે સામે સામે હાથમાં ચીંદી પકડીને સીધા ચાલતા જાય છે સામે છેડે એક મોટો સળીયા જેવો ખીલ્લો લગાવેલો હોય છે જેના પર ચીંદીમાંથી બનેલી આંટીને લગાવીને વળી પાછા વળે છે. એવી રીતે ચરખાની મદદથી આટી પર આટી કરી દોરડું તૈયાર થાય. અને એ દોરડાને સામેના છેડે આંકડીમાં લગાવવા માટે એક માણસ આંકડીનું કામ કરે.

લક્ષ્મીબહેન કહયું કે, બેન હું કામ કરું છું ને? તો મારા આ બાવડાં રહી જાય છે આ ગાંસડીમાંથી ખેંચી-ખેંચીને... અમે વર્ષોથી આ કામ કર્યુ છે એટલે બીજું કોઇ કામ પણ નથી ફાવતુ. એટલે જે કરીએ તે આજ કામ છે. ચીંદી છુટ્ટી પાડવાના કામના મને એક કિલોના ૨/- રૂા. ભાવ મળે છે. એટલે દિવસના ૫૦ કિલો ચીંદી અલગ કરું ને ૧૦૦/- રૂપિયાનું કામ થઇ જાય. સાંજ પડે દૂધ-શાકના પૈસા ઉભા કરી લઉ છું. મારી સાસુ તો પહેલાં સુતરની આંટી બનાવવા લાવતાં તે હાથે જ બનાવીને દોરડી તૈયાર કરતાં. ને હવે તો કાપડની ચીંદીમાંથી દોરડા બનાવવામાં આવે છે. આ જે દોરડા બને છે તેનો ઉપયોગ ખાટલા ભરવા તથા ગામડામાં કૂવામાંથી પાણી સિંચવા, તેમજ ટ્રકમાં માલ-સામાનને બાંધવા માટે. આ દોરડા બનાવીએ છીએ ને તે વેપારીનો માલ મોટે ભાગે રાજસ્થાનમાં વધારે જાય છે. ગામડામાં વધુ ચાલે છે. અત્યારે શહેરોમાં ખાસ લાકડાની સેટી-પલંગ વધારે વપરાય છે. અત્યારના લોકોને તો મોટા ગાદલાવાળા પલંગ જોઇએ. પહેલાના ગઇઢીયા ને આ વાણનો ખાટલો હોય તો જ ઉંઘ આવતી. એટલે ગામડામાં મોટે ભાગે આવા વાણના ખાટલા વપરાય છે. અમારો આ ધંધો ચાલે છે. એટલે હવે તો ક્યાં જોવા મળે છે આવા વાણના ખાટલા? અને વળી ભરવા વાળા પણ નથી રહયાં. પેલાના ભાભા હતાં તે આ કામ કરતા જે હવે કોઇક કોઇક લોકો ભરે છે. ને હવે તો લોકોનો ફર્નિચર તરફનો ક્રેજ બહુ વધ્યો છે, એટલે એક વાર લાકડાની વસ્તુ લીધી તે તુટે નહીં ત્યાં સુધી ચાલે. વળી લોખંડના પણ પલંગ બનાવે તેના પર પાછી પ્લાસ્ટીકની આવી દોરી અને પટ્ટીઓથી ભરાવે તે લાંબો સમય ચાલે. એના લીધે આ વાણ-દોરડાંનું કામ અત્યારે ન જેવું ચાલે છે. જેને લીધે અમને મળતું કામ બહુ ઓછું થઇ ગયું છે.

આનંદીબહેન કહે કે તમે તો આ બધાએ કહયું એ સાંભળ્યું હવે મને તો કાંઇ કહેવા દો ? મે કહયું હા બેન તમે કહો તમારા કામની વાત. આ દોરડા બનાવવા એ જ મારું કામ આમારે તો કાયમ આ રસ્સીઓ ખેંચવાની ને દાડો કાઢવાનો બસ ! અમારા મોચીવાસમાં ઘરે ઘરે બીજું કાઇ જોવા ના મળે બસ ચીંદી જ દેખાય. મને તો એવું લાગે છે હવે તો આ ય કામ સાવ બંધ થઇ જાશે. મેં કહયું કે કેમ એવું કહો છો આનંદીબા તો કહે બીજું શું કઉ અત્યારે આ અમદાવાદની વાત કરું તો જ્યારે હું અહીયા પરણીને આવે ત્યારે એસ.ટી ફરતે ખાલી શહેર દેખાતુ. ને આ નદી તો અમને આ ઘરે બેઠા નજરે ચઢતી હતી, ને બાકી તો બધા ખેતરો ને દૂર સુધી જોતી બેઠી આ કામ કરતી. પહેલાં તો હું ને મારા ધણી બેઉ ઘરેથી પોટલા લઇને સપ્ત રૂષિના આરે જતા રહેતાં તે આખો દાડો એ ને નદીના પટમાં દોરડાં બનાવતાને ને સાંજ પડે ઘરે પાછા આવતાં. પણ હવે તો જાણે આ શહેર તો સાવ ઢંકાઇ ગયુ મોટા-મોટા બહુ માળી મકાનોમાં બની ગયાં નય લખમી એવુ નથી લાગતુ, તને? લક્ષ્મીબહેને તરત સાદ પુરાવતા જવાબ આપ્યો હા આનંદીબા સાવ સાચી વાત છે. આ સમય પ્રમાણે ચાલવું પડે. હવે તો આ શહેરમાં બસ ધમધમાઇને ચારે કોર વાહનોનો અવાજ- અવાજ બીજું કાઇ સંભળાય જ નહીં ! મોટા મોટા રસ્તાઓ ને આ નદીને તો સાવ બાંધી દીધી, એને તો 'રિવરફ્રન્ટ' કહે છે. આ 'રિવરફ્રન્ટ' પર પહેલાં નદીનો પટ હતો ને ? ત્યાં જ અમે દોરડાં વણતાં.. તે આ સરકાર કા અમારા જેવા શ્રમજીવીઓની કામ કરવાની જગ્યાને પણ લઇ લે છે, તો અમે ક્યાં જઇશું કામ કરવા ? આ સાવ સાંકડી જગ્યામાં કામ કરવું કે રહેવું એ નથી સમજાતું. તો શું આ સરકારે અમારા માટે કોઇ એવી જગ્યા ના બનાવવી જોઇએ કે જ્યાં અમે સુખેથી કામ કરી શકીએ.

હશે કદાચ જગ્યા તો ના મળે, પણ કામ મળે તો જીવન નિર્વાહ ચાલશે ને! આમ આપણે તો જીવવું જ રહયું ? ને હવે તો મને પણ એમ જ થાય છે આ બધુ અહી મુકીને ગામડા ભેળી થઇ જાઉં પણ શું થાય આ છોકરાને એ બધા ના માને, નહીં તો આવી મજુરી કરી અહી રહેવું એવું ત્યાં ગામમાં રહેવું શું ખોટુ એ ને ચોખ્ખુ હવા-પાણી તો મળી રહે. આ તો અમદાવાદમાં રહીએ પણ શું થાય મજુરી કરીએ એમા માંડ ખાધા ખાય થાય ને એમા શું બચે. આ કામમાં પણ શું મજુરી વધારે ને લેવાનું કાઇ નહી આ આખો દાડો હાથ દુખી જાય ત્યારે માંડ ૮૦ થી ૧૦૦ રૂપિયાનું કામ થાય એમા પણ થાકી ને લોથ-પોથ થઇ જવાય. કાઇ વાંધો નહીં, આ પણ કામ તો મળે છે ને ! પણ આ કામ ક્યારે વિસરાઇ

જશે તે ખબર નથી... એ... મિલો હતી ત્યારે તો આ કામનો દબદબો હતો... હવે તો મંડ દસ ટકા અમારા જેવાં આ કામને વળગી રહયાં છે...

આ વિચાર આવે છે કે, આર્થિક પ્રવાહો બદલાંતાં આજે જે કામ છે તેની જગ્યા બીજું કામ લઇ લે છે.. આ ચક્કર ચાલુ ને ચાલુ જ રહે છે. એમનું ચક્કર ક્યારે ફરશે ? આ પણ આપણો હેરિટેજ/વારસો જ છે ને ? તેની નોંધ ઈતિહાસમાં લેશે ને ?

**- ગોમતી**

❑

**સેવા બિહારનો પત્રઃ**

# ગામની બેન બની 'ડોક્ટર સાહેબ'

મારું નામ પિંકી દેવી અને સીતાકુંડ ડીહા/જિલ્લાની રહેવાસી છું. હું 'સેવા'માં બે વર્ષથી જોડાયેલી છું. અમે પણ બકરી પાળીએ છીએ. પહેલાં જ્યારે અમારા ગામમાં કોણ કેટલી બકરી પાળે છે, તેનો સર્વે આવ્યો ત્યારે લોકો મજાક કરતા કે, હવે બકરીઓનો પણ સર્વે થશે. આ સર્વે દરમ્યાન આવેલા માયાબેન અને પૂનમબેને અમને માહિતી આપી કે, બકરીઓને પાળીને કેવી રીતે વ્યવસાય કરવો, જેનાથી તમારી આવક વધે, તે અમે બતાવીશું/શીખવીશું. જ્યારે અમને આ વિશે ખબર પડી ત્યારે અમને બહુ જ સારું લાગ્યું. મેં મારા પતિને પૂછીને 'સેવા' મુંગેરની ઓફિસમાં તાલીમ લઇ લીધી. થોડા સમય પછી ૨૫ બહેનો સાથે લખનૌમાં પણ તાલીમ લઇ લીધી. હાલમાં હું મારા ગામમાં કોઇપણ બિમાર બકરીની સારવાર કરું, દવા આપું અને પૈસા પણ મેળવું છું.

હવે, તો મારા પતિ મને કહે છે કે, તું તો બકરીઓની ડોક્ટર બની ગઇ છે. મને બહુ જ ખુશી થાય છે જ્યારે કોઇપણ બેનની બકરીની તબીયત ખરાબ થાય છે અને મને યાદ કરે છે ને કહે છે કે, પીકીદીદીને બોલાવો, તે ઈલાજ કરી દેશે.

પશુસખી પીકીબેનના મતે, - અમારા ગામમાં લોકો મને ડોક્ટર સાહેબથી પણ બોલાવે છે. આ કામમાં મને ખૂબ ખુશી થાય છે. આ પહેલાં બકરીના ઈલાજ માટે બહારથી ડોક્ટર બોલાવે તો ખૂબ જ ખર્ચ થાય. ક્યારેક ૪૦૦રૂા. તો ક્યારેક ૭૦૦-૮૦૦રૂા. થાય. હવે તો, વધુમાં વધુ ૫૦-૧૦૦રૂા.માં ઈલાજ થઇ જાય છે. સાથે ૯૦૦-૧૦૦૦રૂા. મહિને આવક પણ થઇ જાય છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી બકરીને 'ગરીબોની ગાય' કહેતા અને આજે આ કથન આપણી બહેનોના સંદર્ભમાં સચોટ લાગે છે. આજે એકબાજુ પશુઓ/ઢોરોનો ચારો, દાણ અને દવાઓનો ખર્ચ જોતા, ગાય-ભેંસ જેવા ઢોરોને પાળવા/રાખવા આર્થિક દ્રષ્ટિએ ઓછું લાભદાયક બની રહયું છે. બીજી બાજુ ઓછો ખર્ચો અને સામાન્ય દેખરેખ રાખી ગરીબ ખેડૂત બકરી સાચવવાના કામને વધુ અપનાવી રહયો છે. આ કામ ઓછી મૂડીમાં શરૂ કરીને, તેનું બજાર સહેલાયથી મળી રહે છે. બકરી ઓછા સમયગાળામાં તેના બચ્ચાને જન્મ આપે છે અને તેનું દૂધ કેટલાય રોગોમાં ઉપચાર તરીકે કામમાં આવે છે.

'સેવા' દ્વારા વર્ષ ૨૦૧૬માં બકરી સાચવતી બહેનો સાથે તેમની આવકમાં વૃધ્ધિ કરવાના હેતુસર કામ કરવાની શરૂઆત થઇ. આ કાર્યક્રમને એક સુચારુ રૂપથી કાર્યવંત/કાર્યશીલ કરવા માટે 'સેવા ભારત' અને 'આઇ.ટી.સી.' ના સહયોગથી લખનૌ ગોટ ટ્રસ્ટ દ્વારા તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં બકરીની જાત વિશે જણાવવામાં આવ્યું. જેમકે, બ્લૈક બંગાલ, જમુનાપારી, બરબરી, સિરોહી, જખરાના અને તોતાપરી વગેરે. આની સાથે દુધાળી બકરીની ઓળખ કેવી રીતે થાય તે જણાવ્યું. જેમકે, દુધાળી બકરીનું માથું ત્રિકોણેયુ, આંખો અને શરીર ચમકીલું હોય છે. બકરીના આહાર/ખોરાક માટે જણાવતાં કહયું કે, બકરીને બે પ્રકારનો ખોરાક આપવામાં આવે છે. ૧) ચારો - જુવાર, બાજરી, મકાઇ, બરસીમ, લોબિયા, ઘાસ, ઝાડ-છોડના પાંદડા વગેરે. ૨) દાણ - જુવાર, મકાઇ, ઘઉં જેવા અનાજ, દલહની/લીલા પાકના તૂટેલા ડાંડા અને છોતરા/છીલકા, તિલહન પાકોની ખલી વગેરે.

બકરીના આવાસ સંબંધિત જાણકારી આપવામાં આવી કે, બકરીને ખુલ્લા વાડામાં જ રહેવુ પસંદ હોવાથી બાંધીને ના રાખવી જોઇએ. એ ઘરમાં ખુલ્લી રહેવા કરતા આ રીતે વધારે સક્રિય રહે છે. એને માટે ચારા-પાણીનું સ્ટેન્ડ હોવુ આવશ્યક છે. સાથે સમયાંત્તરે ફર્શ/જમીનની માટી બદલવી જોઇએ. આ રીતે બધી બહેનોને તાલીમ આપવામાં આવી. તાલીમ બાદ સૌ પ્રથમ સર્વે થયો તેમાં ધ્યાનમાં આવ્યું કે, ગામોમાં ઘણાં ઘર એવા છે કે, જ્યાં પારંપારિક રીતે બકરીનું પાલન થાય છે.

અમારો ઉદ્દેશ્ય છે કે, તેના લાલન-પાલન ને વ્યવસ્થામાં બદલાવ લાવી તેમનો રોજગાર વધારીએ. આ હેતુસર ૨૫ ગામોનું સર્વે થયું. જેમાં લગભગ ૩,૩૦૦ ઘરો અને ૫,૦૦૦ બકરીઓ છે. જેમાં દરેક ૨૫ ગામમાં એવી ૨૫ બહેન પસંદ કરી છે કે જે ઘરની બહાર નીકળવા સ્વતંત્ર હોય, પશુ પ્રત્યે લગાવ/માયા હોય અને આ કામ માટે તેમનો પરિવાર તેમને અનુમતિ આપે. આ બહેનોને 'પશુસખી' નામ આપવામાં આવ્યું છે. આ તમામ 'પશુસખી' બહેનોને મુંગૈર ઓફિસમાં ૫ દિવસની તાલીમ આપવામાં આવી. ત્યારબાદ બકરીઓની સારવાર અંગેની તાલીમ લેવા માટે તેમને લખનૌ પણ મોકલવામાં આવ્યા. આ તાલીમ પછી તો બધી 'પશુસખી' બહેનોએ પોતાના ગામોમાં કુશળતાપૂર્વક બકરીઓની સારવાર કરવાનું શરૂ કરી દીધું.

'પશુસખી' બહેનો ઘરેલુ ઉપચારથી બકરીની સારવાર કરી

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

શ્રી મહિલા સેવા સહકારી બેંક લિમિટેડ ની ૪૩ મી સ્થાપના દિવસ નિમિતે આકર્ષક ભેટ યોજના તા.૨૦/૦૫/૨૦૧૭ થી શરૂ કરવામાં આવે છે આ યોજનાનો લાભ મેળવવા આપણી નજીકની સેવા બેંકની શાખામાં સંપર્ક કરો.

## “અટલ પેન્શન યોજના”

**સાથે હવે આપણે નિવૃત થઈ શકીએ છીએ.**

अटल पेंशन योजना

**ખેડૂતો, શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રનાં અનય સ્વરોજગાર નાગરિકો માટે ભારત સરકારની પેન્શન યોજના**

* અટલ પેન્શન યોજનામાં ખાતું ખોલાવો અને દર માસે નિયત તારીખે નિયત રકમ તમારાં બચત ખાતામાં જમાં કરાવો અને નિશ્ચિત પેન્શનની રકમનો લાભ મેળવો.
* ૧૮ થી૪૦ વર્ષની કોઈ પણ વ્યક્તિ આ યોજના હેઠળ પેન્શનનો લાભ લઈ શકે છે.
* આ યોજનામાં સભ્યોનું બચત ખાતું હોવું ફરજીયાત છે. જે સભ્યોના બચત ખાતા હોય તેમણે પોતાની પાસબુક સાથે લાવવી જરૂરી છે.
* બચત ખાતું ખોલાવવા માટે કેવાયસી ધોરણો મુજબ કલર પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા, આધાર કાર્ડ, ફોટાવાળું ઓળખપત્ર અને રહેઠાણનો પુરાવો આપવો જરૂરી છે.

## દર મહિને હપ્તો ભરવાની રકમનો કોઠો

| પ્રવેશ માટેની ઉંમર | માસિક પેન્શનની રકમ રૂ.૧૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૨૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૩૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૪૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૫૦૦૦ |
|---|---|---|---|---|---|
| ૧૮ | ૪૨ | ૮૪ | ૧૨૬ | ૧૬૮ | ૨૧૦ |
| ૨૦ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ | ૧૯૮ | ૨૪૮ |
| ૨૫ | ૭૬ | ૧૫૧ | ૨૨૬ | ૩૦૧ | ૩૭૬ |
| ૩૦ | ૧૧૬ | ૨૩૧ | ૩૪૭ | ૪૬૨ | ૫૭૭ |
| ૩૫ | ૧૮૧ | ૩૬૨ | ૫૪૩ | ૭૨૨ | ૯૦૨ |
| ૪૦ | ૨૯૧ | ૫૮૨ | ૮૭૩ | ૧૧૬૪ | ૧૪૫૪ |

**નોંધઃ દર મહિને નિયમિત હપ્તા ભરો અને ઉપર બતાવ્યા મુજબ પેન્શન મેળવો.**

દવાઓ પણ આપે છે. જેનાથી ડોક્ટરની ૩૦૦રૂા. ફી, દવાનો ખર્ચ અને સમયની બચત થાય છે. જેનાથી બહેનોને ફાયદો એ થયો કે, પૈસાના અભાવમાં ઈલાજ થાય અને બકરીઓ મરણ પામતી નથી. આ સાથે બકરીઓને કેવી રીતે રાખવી, બિમાર ના પડે તે માટે શું ખવડાવવું, બકરીનો વિકાસ ઝડપથી થાય તેથી તેના વેચાણમાં વધુ ભાવ મળે, જેનાથી બહેનોની આવકમાં વૃધ્ધિ થાય અને આત્મનિર્ભર બને.

અમારા ક્ષેત્ર/વિસ્તારમાં અમે બહુ મહેનત કરીએ છીએ, જેથી બકરી પાલનની વ્યવસ્થા બરોબર થાય. સમય-સમય પર બકરીઓનું ડીબનીંગ, ટીકાકરણ કરાવીને બકરીઓનું મૃત્યુદર ઘટાડી શકીએ. બહેન બકરી પાલન નવી પધ્ધતિથી કરી તેને રોજગારી તરીકે લે અને આજીવિકા સુદ્રઢ બનાવે. બકરી પાલનના વ્યવસાયમાં મેમના નર્સરી બનાવવી, ખસ્સીનું પાલન કરવું, દાણ મિશ્રણ વગેરે બીજા પણ રસ્તાઓ છે.

બહેનોને આત્મનિર્ભર જોઈને બહુ જ આનંદ થાય છે. બકરી પાલન વ્યવસાયથી ગામડાંની બહેનો સ્વાવલંબી બને છે અને પશુસખી બહેનો ડોક્ટર તરીકેની એક અલગ ઓળખ બનાવી રહી છે. પશુસખી દ્વારા ગામમાં બકરીઓની સારવાર થાય તે માટે 'બકરી સંસાધન કેન્દ્ર' પણ ખોલવામાં આવ્યું છે.

**- મંજુ, 'સેવા' મુંગેર**

❑

# બચતની 'મૂડી' ઊભી કરતી બહેનો...

સેવા બેંકના શ્રમજીવી ખાતેદારોની 'બચત'ની ઊંડી સમજ છે. અને તેઓ બેંકની જુદી-જુદી બચતી યોજનાઓ સમજીને બચત કરે છે. તેના અનુભવોની વાત કરું તો, જેમ સમય જતો ગયો તેમ બહેનો બેન્કની બચત યોજનાઓ સમજવા લાગ્યા – બચત ખાતું – 'જેમા જ્યારે જઇએ ત્યારે ઉપાડી શકાય' તેમાં રોજની જરૂરિયાત માટે થોડા રૂપિયા મૂકે – તો દર મહિને 'રીકરીંગ' ખાતામાં એક સરખા રૂપિયા મૂકવા માંડયા – આ ખાતામાં ૫ વર્ષ – ૧૦ વર્ષની મુદ્દતમાટે દર મહિને એક સરખી બચત મૂકવા માંડયા. જે વ્યાજ સાથે એક સામટી એકઠી કરે અને તહેવાર કે કોઇ અન્ય પ્રસંગ માટે વાપરે – દીકરા / દીકરાના ભણતર માટે - લગ્ન માટે – ઘરની મરામત માટે – તેમ અનેક જરૂરિયાતો માટે તેમને પોષાય તે પ્રમાણે – નિયમિત રીતે બચત મૂકે.

પહેલાં બચત કરતા શીખ્યા - પછી નિયમિત બચત કરતા શીખ્યા - પછી તો આયોજન કરતા પણ શીખ્યા – ટૂંકા ગાળાનું આયોજન કરી છોકરાઓની ફી ભરે તો વચલા ગાળાના લગન પ્રસંગ માટે પણ મૂડી ઉભી કરે અને હવે તો ખુબ લાંબા ગાળા એટલે ઘડપણ માટે પણ બચત કરી – ઘડપણમાં દર મહિને પેન્શન પણ મેળવે.

આનો સૌથી મોટો લાભ એ થાય છે કે – આ પ્રસંગો માટે મોટા વ્યાજની લોમ નથી લેવી પડતી – દેવું નથી કરવું પડતું – બીમારીમાં કોઇની પાસેથી ઉધાર પૈસા લાવવા નથી પડતું અને ઘડપણમાં ફરજીયાન ના થતું હોય તો પણ મજૂરી નથી કરવી પડતી. ઘરમાં જ્યારે જરૂરિયાત પડે ત્યારે મદદ પણ કરી શકાય છે. ધીમે ધીમે સમજ વધતી જતા બચતની યોગ્ય 'યોજનામાં' જોડાઇને વ્યાજની આવક કમાતા શીખ્યા – જે બહેન પહેલાં માંદગીની સારવાર માટે મોટા વ્યાજે ઉશાર લઇ – મહેનતથી કમાયેલા પૈસા વ્યાજ આપવામાં વાપરી નાંખતી હતી તે હવે બચત ઉપર કમાતા શીખી ગઇ છે. બચતને વધુ સમય માટે બાંધી મુદ્દતમાં મૂકી વ્યાજ ઉપર કમાતા શીખી ગઇ છે.

આવી કેટલીક બહેનોની વાત કરું તો,

૧.રામીબેન પરમાર – કાગળ વીણવાનો ધંધો કરે – આમ, તો સેવા બેંકમાં જોડાયા તે પહેલાં થોડા થોડા રૂપિયા ઘરમાં છૂપાવીને રાખે. પતિને વ્યસન કરવાની ટેવ – દિવસે તે જ્યારે કાગળ વીણવા જાય – ત્યારે તેમનાં છૂપાયેલા રૂપિયા ગાયબ થઇ જાય – વ્યસનમાં વપરાઇ જાય. બેંકમાંથી તારાબેન તેમના વિસ્તારમાં ઘરે ઘરે બહેનોને સમજાવી બચત લેવા આવતા હતા – રામીબેને પણ છાનામાના બેંકમાં ખાતુ ખોલાવી તેમાં બચતની થોડી થોડી રકમ - (કોઇક વખતરૂ. ૫ તો કોઇ વખત રૂ. ૧૦) તારાબેનને આપવા લાગ્યા. જો કે શરૂઆતમાં તો થોડી બચત ભેગી થાય એટલે ઉપાડી લેવા પડતા – કોઇ વખત ચોમાસામાં બહુ વરસાદ પડે અને કાગળ વિણવાનું કામ ના થાય ત્યારે બચત ઉપાડી ઘર ચલાવતા – બે ત્રણ વખત તો તેમનો દિકરો બિમાર થયો ત્યારે બચાવેલા બચત ઉપડી જાય – ધીમે ધીમે તેમને – બચતની બીજી યોજનાઓને જાણ થવા લાગી.

દર મહિને એક સામટી બચત કરે તો - પાંચ વર્ષ પછી વધારે સાથે મોટી રકમ મળે – રામીબેને વિચાર્યુ કે હું રોજ કાગળ અને પ્લાસ્ટીક બંને વીણીને લાવું છુ. – જો હું રોજ વીણેલા કાગળ વેપારીને આપી દઉ પણ પ્લાસ્ટીક એકઠા કરી – મહિનામાં સામટા વેચું તો તેમાં જે રૂપિયા મળે તેની દર મહિને ૫૦૦ રૂ. પ્લાસ્ટીક વેચવા મળે તે સીધા – બેંકના રીકરીંગ ખાતામાં મૂકી દેતા પાંચ વર્ષ પછી તેમને વ્યાજ સાથે રૂ. ૩૭,૫૦૦/- મળ્યા. એમાંથી દીકરી માટે સિલાઇ મશીન લીધું. ઘરમાં થોડી મરામર કરાવી . ઘરમાં લાઇટનું મીટર નંખાવ્યું.

પછી તો દર મહિને – સામટી – બચત કરવાની ટેવ પડી . દિવાળીના વખતે દસથી પંદર ઘરોમાં સફાઇ કરવા જાય અને સામટા રૂપિયા મળે તો તેની ફિક્સ ડિપોઝીટ કરાવી છે.

પેન્શન ખાતું પણ ખોલાવ્યું અને જીવન વીમો પણ લઇ લીધો. હાલમાં તેમને પાસે કુલ જુદી જી કરીને રૂ. ૧૫૦૦૦૦થી પણ વધારી બચત છે. ભવિષ્યમાં રૂ. ૨૦૦૦/- જેટલું પેન્શન મળે તેટલી મૂડી પેન્શન ખાતામાં છે.

**‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17 Issued by S.S.P. Valid up to 31-12-2017.**

**Ahmedabad P.S.O. 6-7-2017**

કરિયાણાની દુકાન ચલાવતાં, કમળાબેન આમ્ટે, હાલ ૬૦ વર્ષના છે. પોતાના જ ઘરમાં એક રૂમમાં કરિયાણાની દુકાન ચલાવે છે. આમ, તો કરિયાણાના ધંધા માટે બેંકોમાંથી વારંવાર લોન લે છે. અને ધંધામાંથી આવક કરે છે. આ આવકમાંથી નિયમિત બચત કરે. બચત ખાતુ અને ત્રણ જુદા જુદા રીકરીંગ ખાતા છે. ઘરમાં દીકરાને બે દિકરીઓના પણ બચત ખાતા ખોલાવ્યા છે.

થોડા સમય પહેલાં ઘરમાં પગ લપસી પડતાં તેમના પગમાં ફ્રેકચર થયું. ઓપરેશનનો ખર્ચ કરવા માટે પૂરતા પૈસા હતા નહિં. બચત ૨૦૦૦૦ રૂ. હતી પણ તેમનો ખર્ચ ૪૦૦૦૦ રૂ. જેટલો હતો. કરિયાણાનો ધંધો પણ બંધ રાખવો પડયો હતો. તેમણે બેંકમાં લોનની મંગણી કરી. કમળાબેન નિયમિત રીતે બચત કરતા હતા. એટલે તેમને મેનેજરે તાત્કાલિક લોન કરી આપી. કમળાબેન નિયમમિત રીતે બચત કરતા હતા. ઓપરેશન બરાબર થઇ ગયું. હવે લોન પણ નિયમિત ભરે છે. બચત હજી પણ નિયમિત ચાલુ જ રાખી છે.

નાજીમાબાનું —સિલાઇકામ કરે છે. પહેલી વખતની લોનમાં સિલાઇ મશીન ખરીદવા માટે લીધેલી હતી. તેમણે જ્યારે જ્યારે બચત કરવાની સમજ આપવામાં આવે ત્યારે એક જ જવાબ મળે, કુટુંબ મોટું છે, આવક ઓછી છે. બચત કેવી રીતે કરીએ ? તેમની સાથે વાત કરતાં કરતાં ઘરમાં આવક અને ખર્ચની વિગતો લીધી તો જાણવા મળ્યું કે કેટલાંક ખર્ચા એવા હતા કે જે ઓછા કરી શકાય. જેમકે છૂટક છૂટક નાસ્તાનો ખર્ચ, કપડાં ખરીદવાનો શોખ, ચા-પાણીનો ખર્ચ, એવો ખર્ચ અઓછો કરીને થોડી બચત કરવાની ટેવ પડી. રોજના ૨૦રૂ.ની બચતથી શરૂ કર્યુ. છ મહિનામાં જ લગભગ ૪૦૦૦રૂ. જેટલી બચત હતી. દીકરીની ફી ભરવાની આ બચત કામ આવી ગઇ પછી તો આવકમાંથી ખર્ચ કરતા પહેલા જ થોડાં થોડાં રૂપિયાની બચત શરૂ કરે. પતિને પણ તેમની આવકમાંથી બચત કરતા કર્યા.

જોકે લોન લઇને ધંધો વિકસાવ્યો પણ બચતની ટેવના કારણે શકિત પ્રમાણે, ફિકસ ડિપોઝીટ કરાવે, બચત વધે તેમ લોન પણ વધારે મળે. જો કે આ બચતમાંથી સોનાના દાગીના પણ ખરીદે. વધારે સિલાઇ મશીનો ખરીફી, કારીગરો પણ રાખે. હાલમાં ૧૦ કારીગરોને રોજગારી આપે છે. .

આવી તો અનેક બહેનોએ પોતાની બચતની મૂડી ઉભી કરી; જ્યારે તેમણે પૂછયું તો જવાબ મળ્યા કે,

- ભવિષ્યની આશા અને આત્મા વિશ્વાસ ઉભો થયો. - મનમાં શાંતિ હોય છે કે આફત વખતે વખારે બચત જ કામમાં આવશે. - ઘરમાં માન વધે છે. - જયારે થોડા વખત માટે આવક ના આવી હોય તો ઘર ચલાવી શકાય છે. કોઇની પાસે હાથ લંબાવો પડતો નથી. - સારા ખોટા પ્રસંગો નીકળી જાય છે. - ત હેવાર માણી શકાય છે. - બચતની મૂડીના આધારે લોન મળી શકે છે. - કોઇ કામ અટકતું નથી. - કોઇને આફતના સમયમાં મદદ કરી શકાય છે. - છોકરાઓનો વિકાસ થઇ શકે છે . ભણાવી શકાય છે. - નાનું કે મોટું દેવું નથી થતું. દા.ત. માંદગી, લગ્ન - દેવામાં વ્યાજ ભરવું પડે છે. જ્યારે બચત ઉપર વ્યાજ મળે છે.

**- જયશ્રી વ્યાસ**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-7-2017**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧